# મિતુલની રૂહાની સફર

બ્ર. કુ. પ્રફુલચંદ્ર શાહ (M) 9825892710

શરદઋતુનું ખુશનુમા વાતાવરણ છે. અમૃતવેળાનો સુહાવનો સમય છે. રાત્રીના ત્રણ વાગ્યા છે. ચારે તરફ નિરવ શાંતિ છે. બહાર મંદમંદ ઠંડો પવન વહી રહ્યો છે. રાજયોગી કુમાર મિતુલ પોતાના નિત્યક્રમ પ્રમાણે ફ્રેશ થઇ, પોતાના ઘરની બાલ્કનીમાં સ્વચ્છ આસન પર બેસી, યોગાભ્યાસ માટે સજ્જ છે. ચંદ્ર પણ સોળે કળાએ ખીલેલો છે. તેની શીતળ ચાંદની ચારે તરફ ફેલાયેલી છે.



મિતુલ થોડા ઊંડા ઊંડા શ્વાસ લેવાનું શરૂ કરે છે. થોડો સમય તે પોતાનું ધ્યાન શ્વાસ પર કેન્દ્રિત કરી સાક્ષીભાવે શ્વાસના આવગમનને નિહાળે છે. ધીરે ધીરે તેનું મન શાંત થઇ રહ્યું છે. સ્થિર થઇ રહ્યું છે, એકાગ્ર થઇ રહ્યું છે. બાહ્ય દુનિયામાંથી તે પોતાના મનને સમેટી ધીરે ધીરે અંદર તરફ વાળી અંતર્મુખી બનતો જાય છે. આ અવસ્થામાં તે પોતાના માનસપટલ પર પોતાના ત્રિસ્તરીય અસ્તિત્વનું મનોદર્શન શરૂ કરે છે. પ્રથમ સ્તરમાં પોતાના પાંચ જડ તત્વોના બનેલા સ્થૂળ શરીરને ઇમર્જ કરે છે. બીજા સ્તરમાં, પોતાના સ્થૂળ શરીર સાથે સંલગ્ન એવા, સફેદ દિવ્ય પ્રકાશથી સર્જિત પોતાના સૂક્ષ્મ આકારી શરીરને ઇમર્જ કરે છે. તે પોતાના સ્થૂળ તેમજ સૂક્ષ્મ શરીરને સંલગ્ન રૂપમાં પોતાના મન:ચક્ષુ દ્વારા સ્પષ્ટપણે નિહાળી રહ્યો છે. અંતિમ ત્રીજા સ્તરે સંલગ્ન એવા સ્થૂળ તેમજ સૂક્ષ્મ શરીરના મસ્તકના કેન્દ્રબિંદુ પર, બે ભ્રુકુટિની વચ્ચે, સ્વયંનું દિવ્ય પ્રકાશબિંદુના રૂપમાં માનસદર્શન કરી આત્મચિંતન, આત્મદર્શનમાં લીન બની જાય છે.

મિતુલને સ્પષ્ટ અનુભૂતિ થઇ રહી છે કે પોતે પોતાના સ્થૂળ તેમજ સૂક્ષ્મ શરીરથી ભિન્ન એક શાશ્વત, સનાતન, અજર, અમર, અવિનાશી ચૈતન્યબિંદુ આત્મા છે. આત્મસ્મુતિમાં સ્થિત મિતુલ પોતાના સ્વધર્મોને સ્મૃતિપટલ પર ઇમર્જ કરી નિરવ શાંતિનો, નિજાનંદનો, તેમજ પરમ પવિત્રતાનો ગહન અનુભવ કરી રહ્યો છે.

પરમપિય પ્રાણેશ્વર અવ્યકત બાપદાદાને મળવા માટે અતિઆતુર મિતુલ સૂક્ષ્મવતન તરફ પ્રયાણ કરવા ઉત્સુક છે. તેની સમક્ષ પોતાનું ત્રિસ્તરીય અસ્તિત્વ ઇમર્જ રૂપમાં છે. વતન તરફ પ્રયાણ અર્થે તે પોતાના સૂક્ષ્મ શરીરને પોતાના પાંચ તત્વોના બનેલા સ્થૂળ શરીરથી અલગ કરવાનો પ્રયાસ શરૂ કરે છે. ધીરે ધીરે મિતુલનું સૂક્ષ્મ શરીર તેના સ્થુળ શરીરથી અલગ થઇ રહ્યુ છે. તે પોતાના પાછળ છુટી ગયેલા, આસન પર બિરાજમાન, સ્થૂળ શરીરને નિહાળી રહ્યો છે. સ્થૂળ શરીરથી અલગ થયેલા પોતાના સૂક્ષ્મશરીરની ભ્રકૃટિમાં બિંદુરૂપે સ્થિત થયેલો મિતુલ પોતાના ડબલ લાઇટ, આકારી, ફરિસ્તા સ્વરૂપનો દિવ્ય અનુભવ કરી રહ્યો છે. આ વજન રહિત સૂક્ષ્મ શરીરને બાબા અંત:વાહક શરીર પણ કહે છે. જે અસીમગતિથી અંતરિક્ષમાં ઉડાનભરી કયાંય પણ આવાગમન કરી શકે છે. મિતુલ હવે પોતાની અંતરિક્ષ યાત્રામાટે સજ્જ છે. છલાંગ ભરી તેણે તેની વતન તરફની અંતરીક્ષ યાત્રા શરૂ કરી દીધી છે. ચાંદનીમાં ચમકતા વાદળો પણ પાછળ છૂટતા જઇ રહ્યા છે. પુથ્વીની આસપાસના સમગ્ર વાતાવરણના આવરણને પાછળ છોડી તે અંતરીક્ષમાં પ્રવેશ કરી ગયો છે, અને અંતરીક્ષ યાત્રાનો આનંદ લુંટી રહ્યો છે. વિવિધ રંગોથી સુશોભિત પૃથ્વીના ગ્લોબને પોતાની ધરી પર ફરતો નિહાળી તે રોમાંચિત છે. સૂર્યમંડલના ગ્રહો વચ્ચેથી પસાર થતો મિતુલ એક પછી એક સૂર્યમંડલના ગ્રહોને પાછળ છુટતા નિહાળી રહ્યો છે. તેના અંત:વાહક શરીરની ઉડાનની ગતિ તીવ્ર થઇ રહી છે અને તે તારામંડલો તેમજ આકાશગંગાઓને પસાર કરતો તીવ્ર ગતિથી

વતન તરફ પ્રયાણ કરી રહ્યો છે. આ અંતરીક્ષયાત્રાનો તે અનહદ આનંદ લૂંટી રહ્યો છે.

સમગ્ર સાકારી દુનિયા પાછળ છુટી ગઇ છે અને મિતુલ માટે સૂક્ષ્મવતનના પ્રવેશની ઘડી આવી ગઇ છે અને તે સૂક્ષ્મ સફેદ પ્રકાશથી રચિત આકારી દુનિયામાં પ્રવેશી ચુકયો છે અને પોતાની સન્મુખ અલૌકિક પ્રકાશથી સર્જીત એક દિવ્ય દ્રશ્યને જોઇ રહ્યો છે.

એક નયનરમ્ય ઉપવનમાં એક અતિ રમણીય સરોવર છે. જેના નિર્મળ જળમાં કમળો ખીલ્યા છે, સારસ પક્ષીઓ તરી રહ્યા છે. સરોવરની ચારે તરફના કિનારા પરના ઘટાદાર વૃક્ષો ફળો તેમજ પુષ્પોથી સમૃધ્ધ છે. લતાઓ સરોવરની શોભામાં અભિવૃધ્ધિ કરી રહ્યિ છે. ઠંડા પવનની લહેરો પુષ્પોની સુગંધની ફોરમને ચારેતરફ ફેલાવી રહ્યા છે. પક્ષીઓ ચારે તરફ કિલ્લોલ કરતાં ઉડી રહયાં છે. પક્ષીઓના કલરવથી તેમજ ભ્રમરોના ગુંજનથી સમગ્ર વાયુમંડળ સંગીતમય બન્યું છે. ફરિસ્તારૂપમાં સરોવર કિનારે ઊભેલો મિતુલ સરોવરની મધ્યમાં એક સુંદર સુશોભીત નૌકામાં અવ્યકત બાપદાદાને વિહાર કરતા નિહાળી રહયો છે, આ દ્રશ્ય જોઇને તેને પારાવાર ખુશી થાય છે. અવ્યકત બાપદાદાની દ્રષ્ટિ મિતુલ પર પડે છે. બાપદાદાની નૌકા મિતલ તરફ આગળ વધે છે. કિનારે પહોંચતા જ બાપદાદા મિતુલનું આહવાહન કરતા કહે છે “આઓ મેરે લાડલે બચ્ચે, આઓ.” મિતુલ બાબાની સન્મુખ નૌકામાં બેસી જાય છે. બાપદાદા તેને પ્રેમ ભરી દ્રષ્ટિ આપે છે. આ અલૌકિક નૈન મુલાકાતથી મિતુલ પ્રેમવિભોર થઇ જાય છે. અને તેના મુખમાંથી શબ્દો સરી પડે છે.

“આપ દ્રષ્ટિ યુંહી દેતે રહો બાબા, સુખસાગરમેં ગહેરે ઉતર જાયે,

હો પલકએ ના પલભર બંધ મેરી, ઇન નૈનો કો દામનમેં ભર જાયે”,

બાપદાદાની શકિતસંપન્ન દ્રષ્ટિ પડતાં મિતુલ શક્તિઓથી ભરપૂર થઇ રહયાનો અનુભવ કરે છે. બાબાની પ્રેમભરી દ્રષ્ટિથી પ્રેમવિભોર થઇ ગયેલો મિતુલ, ધીરે ધીરે બાપદાદાની પાસે જઇ બાબાની વિશાળ બાહોમાં સમાઇ જાય છે અને પરમાનંદમાં મગ્ન થઇ અતિન્દ્રિય સુખનો અનુભવ કરે છે, અને ગાઇ ઊઠે છે.

“જીવન કે સહારે, પ્યારે બાબા મેરે મન કે મીત તુમ્હીં હો,
શ્વાસ તુમ્હીંહો, પ્રાણ તુમ્હીં હો, ધડકન તુમ્હીંહો તુમ્હીં હો
.
ઉંગલી પકડકર રાહોંમેં તેરી, હમકો ચલના શિખાયા
ભુલે હુએ હૈં તનકે નાતે, જબસે તુમકો હૈં પાયા,
તેરી આંખો કે નૂર હૈં હમ, મેરે દિલકે દિલ હો.

જીવન કે સહારે, પ્યારે બાબા મેરે મન કે મીત તુમ્હીં હો”

--------- 0 ---- 0 --------

